# કાંકરેજ તાલુકાના ઉંબરી ગામે સેવાસેતુ કાર્યક્રમમાં રાજકિય રૂપ આપતાં હોબાળો

કાંકરેજ, તા. ૨૬

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના ઉંબરી ગામે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન તા. ૨૪-૮-૨૦૧૮ના રોજ કરવામાં આવેલ જેમાં કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા તેમજ ભાજપના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે તંત્રના નાયબ કલેક્ટર ડિસા પ્રાંતના પટેલ તેમજ ઈ.ચા. મામલતદાર કાંકરેજ બી.એમ. જોષી તથા તાલુકા વિકાસ અધિકારી અનિલ ત્રિવેદી અને તાલુકા હેલ્થ ઓફિસરની ટીમ ઉપસ્થિત રહી હતી. કલસ્ટર મુજબ સેવાસેતુના કાર્યક્રમોમાં સ્થાનિક તાલુકા પંચાયતના પ્રમુખને અળગા રાખવામાં આવ્યા હતા તેમજ તાલુકા-જિલ્લાના ડેલીગેટોને વિશ્વાસમાં લીધા વગર ફક્ત ભાજપના આગેવાનોની હાજરીથી સ્પષ્ટ ભાજપી કાર્યક્રમ હોય તેવુ દેખાતાં લોકોમાં નારાજગી જોવા મળી હતી ત્યારે કોંગ્રેસના આગેવાનો સરકારી કાર્યક્રમમાં જાણ ન હોવાનું જણાવ્યું હતું. ત્યારે શું તંત્રના અધિકારીઓને ભાજપ દ્વારા દબાણ કરીને આમંત્રણ ના આપવા મજબુર કરાતા હશે કે પછી તંત્રની રહેમ નજર હેઠળ આવુ ચલાવાતુ હશે તેવા વેધક સવાલો લોકમુખે ચર્ચાનો વિષય બનવા પામ્યા છે. તંત્રને બાનમાં રાખી ભાજપ દ્વારા કરાવાતા આવા તાયફાથી પ્રજાને કેટલો ફાયદો કરાવશે કે પછી નુકશાન ? ત્યારે તાલુકા પ્રમુખ વર્ધીલાલ મકવાણાએ સેવાસેતુ કાર્યક્રમની જાણ નહિ હોવાનું મિડીયાને જણાવ્યું હતું અને આ કાર્યક્રમમાં પત્રકારોને આવકારવામાં ન આવતા કાર્યક્રમનો બહિષ્કાર કરીને પત્રકારો કાર્યક્રમથી અળગા રહી સ્થળ છોડી ચાલ્યા જતાં ભુકેપ સર્જાયો હતો.



**શ્રાવણી પૂનમે શામળાજી મંદિરમાં ભગવાન કાળિયા ઠાકોરને ભક્તોએ રાખડી અર્પણ કરી**

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી વિષ્ણુ મંદિરમાં દર પૂનમે મોટી સંખ્યામાં શામળિયા ભગવાનના દર્શનાર્થે ઉમટે છે પવિત્ર શ્રાવણ મહિનાનું અને શ્રાવણી પૂનમનું હિન્દૂ ધર્મમાં અનેરૂ મહત્વ હોવાથી અને આ વર્ષે રવિવાર હોવાથી નારિયેળી પૂનમે વહેલી સવારથી ભક્તોનું ઘોડાપુર કાળીયાદેવ ના દર્શનાર્થે ઉમટ્યું હતું મોડી રાત્રી સુધી ભક્તોનો ધસારો યથાવત રહ્યો હતો મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તોને દર્શન શાંતિપૂર્વક થાય અને અગવડના પડે તેની તકેદારી લીધી હતી શ્રાવણી પૂનમ લઈને શામળાજીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો શામળાજી મંદિરમાં રક્ષાબંધન પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી ભક્તોએ ભગવાન શામળીયાને વિવિધ પ્રકારની અવનવી રાખડી અર્પણ કરી જગતના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.



**હરણાવ નદીના પ્રતિબંધિત વિસ્તારમાં માછીમારીથી લાગણી દુભાઈ**

ખેડબ્રહ્મા શહેરમાંથી પસાર થતી હરણાવ નદી કે જે ત્રણ નદીઓનો સંગમ સ્થાન છે તેમ પવિત્ર શ્રાવણ માસમાં છેલ્લા કેટલા દિવસોથી માછીમારો દ્વારા માછલીઓ પકડવાની બેરોકટોક પ્રવૃત્તિ ચાલી રહી છે. જેને લઈ ભકતોમાં રોષની લાગણી ફેલાઈ છે. જ્યાં દૂર દુરથી લોકો પોતાના સગાં વહાલાંની અસ્થીનું વિસર્જન કરવાં અહીં આવે છે. ખેડબ્રહ્મા શહેરમાંથી હરણાવ, કોસંબી અને ભીમાક્ષી નદીનો ત્રિવેણી સંગમ થાય છે. તંત્ર દ્વારા ભૃગુઋષિ મંદિરથી જૂના પુલ સુધી માછીમારી માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી નોટિસ મૂકવામાં આવી છે પરંતુ માછીમારો દ્વારા ભૃગુઋષિ મંદિર, શીત કેન્દ્ર, પક્ષેન્દ્રનાથ મહાદેવ, મોટા પુલ નીચે, જૂના પુલ પાસે નદીમાં પાણી આવતા માછીમારો બેરોકટોક પ્રવૃત્તિ કરી રહ્યા છે. જેના કારણે પુલ પરથી આવતા લોકો આ માછીમારો જુએ છે જેના કારણે પવિત્ર શ્રાવણમાસમા ભક્તોની લાગણી દુભાઈ છે. તંત્ર દ્વારા ઘટતું કરવામાં આવે તેવી ધર્મ-પ્રેમીઓની માંગણી છે.

# રાજ્ય શિક્ષણ વિભાગના મધ્યાહન ભોજનના પરિપત્ર અંગે શિક્ષકોમાં આક્રોશ

મોડાસા, તા. ૨૬

ગુજરાત રાજ્યમાં કુપોષિત બાળકો મોટા પ્રમાણમાં હોવાથી રાજ્ય સરકાર દ્વારા સરકારી શાળાઓમાં ભણતા બાળકોને કહેવાતા અને આપવામાં આવતા પૌષ્ટિક આહારની યોજના એટલે ''મધ્યાહન ભોજન યોજના'' માં બાળકોને સપ્તાહ દરમિયાન પોષણક્ષમ ભોજન આપવા કટિબદ્ધ બની છે. બાળકોને મધ્યાહન ભોજનમાં ચટાકેદાર મેનુ નક્કી કરવામાં આવ્યું છે. પ્રાથમિક વિભાગમાં બાળક દીઠ સરેરાશ ૧૮૦ ગ્રામનો જથ્થો અપર પ્રાથમિક વિભાગ માટે ૨૬૫ ગ્રામ વજનનો જથ્થો નક્કી કરવામાં આવ્યો છે. કોન્ટ્રાક્ટર દ્વારા અપાતા જથ્થા અને મધ્યાહન ભોજનના સંચાલક દ્વારા બનાવવામાં આવેલ ભોજનની ગુણવત્તાની ચકાસણી માટે ચાખવાનું હોવાથી અને રજીસ્ટરમાં નોંધ કરવાની હોય છે. આ પ્રક્રિયામાં કેટલીક શાળામાં શિક્ષકો ભોજન ચાખવાના બદલે ભરપેટ જમી લેતા હોવાથી વિદ્યાર્થીઓને નિયત પ્રમાણમાં ભોજન મળતું ન હોવાનું શિક્ષણ વિભાગના ધ્યાને આવતા મધ્યાહન ભોજન શિક્ષક દ્વારા ચાખવું જેવો પરિપત્ર કરતા શિક્ષણ આલમમાં રમુજ ફેલાઈ હતી. બીજીબાજુ કેટલાક શિક્ષકો માટે થઈ રાજ્ય શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા પરિપત્ર કરતા શિક્ષકોને સમાજમાં બદનામી થતી હોવાનું જણાવી પરિપત્ર અંગે ભારે ટીકાઓ થઈ રહી છે. શિક્ષકો દ્વારા સોશ્યલ મીડિયામાં પરિપત્ર સામે જંગ છેડી દીધો છે. પ્રાથમિક શિક્ષક સંઘના પદાધિકારીઓ પણ પરિપત્ર અંગે સરકારમાં રજુઆત કરવામાં નબળા પુરવાર થયા હોવાના અને મધ્યાહન ભોજનના કોન્ટ્રાકમાં અધિકારીઓ દ્વારા ૨૦ ટકા જેટલો ભ્રષ્ટાચાર કરવામાં આવતો હોવાના આક્ષેપ કરવામાં આવ્યો હતો.

મધ્યાહન ભોજનમાં શિક્ષકો માટે કરાયેલા પરિપત્ર સામે શિક્ષકોમાં આક્રોશ ફાટી નીકળ્યો છે અને પરિપત્ર વિરુદ્ધ સોશ્યલ મીડિયામાં જંગ છેડાયો છે. જેમાં એક પોસ્ટમાં મધ્યાહન ભોજન અંગે લોકોમાં પ્રવર્તી માન્યતાઓ જેવી કે મધ્યાહન ભોજન ગરીબ બાળકો માટે હોય જમવાનું પણ હલકી કક્ષાનું આપવામાં આવતું તેવી માન્યતા દૂર કરવા અને પરિપત્ર મુજબ શિક્ષકો ભોજન ચાખતા હોય છે અને શિક્ષકો જમવાથી પણ મધ્યાહન ભોજનમાં બાળકોને ખુટ્યું હોય તેવું ક્યારેય બન્યું નથી. શિક્ષકોને બદનામ કરનાર પરિપત્ર કરનારને સાચી વાસ્તવિકતા સમજવાની જરૂર છે. રાજ્ય સરકારના પરિપત્રથી કેટલાક મધ્યાહન ભોજન ચલાવતા સંચાલકોમાં આનંદ પણ છવાયો હતો તો બીજીબાજુ પરિપત્રથી શિક્ષકોમાં રોષ હોવાથી મધ્યાહન ભોજનમાં ગોબાચારી નહિ ચલાવે તો બાળકોના ભોજનમાં ભ્રષ્ટાચાર આદરી ઘર ભરાતા સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે.



અરવલ્લી જિલ્લાના માલપુર ગામના સમસ્ત ભૂદેવો પવિત્ર તહેવાર બળેવ નિમિતે માલપુરના નવા રક્ષેશ્વર મંદિરે સમૂહમાં વિધિવત મંત્રોચ્ચાર સાથે જનોઈ બદલવાનું આયોજન બ્રાહ્મણ પંચ ધ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ખૂબ મોટી સંખ્યામાં ભૂદેવો દાદા ના સાનિધ્ય માં જનોઈ બદલી કૃતાર્થ બન્યા હતા આ સાથે જનોઈ બદલ્યા પછી સમસ્ત ભૂદેવો દ્વારા દાદા મહાદેવના સાનિધ્યમાં ફળાહાર નું સુંદર આયોજન કર્યું હતું...જેમાં સમાજના પ્રમુખ શભુભાઈ પંડયા,જયપ્રકાશ જોશી,યોગેશભાઈ પંડયા, વિશાલ ગોર,યુવા અધ્યક્ષ હર્ષ પંડયા,કલ્પેશ પંડયા, સમસ્ત કારોબારી સભ્યો તેમજ અન્ય બ્રહ્મઅગ્રણીઓ હાજર રહ્યા હતા, અને સમગ્ર પરિસર હર હર મહાદેવના નારાથી ગુંજી ઉઠ્યું હતું.

## ખેડબ્રહ્મા તાલુકાના લાંબડીયા ગામે ગામની ચારેય શાળાઓનું સંયુક્ત તિથિભોજન અપાયું

શ્રાવણ માસ નિમિત્તે શુક્રવારેના રોજ લાંબડીયાની પારસ વિદ્યાલયના આગણે લાંબડીયાની ચારેય શાળાઓ પારસ વિદ્યાલય, આદર્શ પ્રાથમિક શાળા, શ્રી કાન્ત આશ્રમ શાળા તેમજ લિટલ સ્ટાર પ્રિ- પ્રાઈમરી સ્કૂલના ૧૫૦૦ થી વધારે બાળકોને લાંબડીયાના સરપંચ તથા તલાટી ગ્રુપના મિત્રો સાથે મળી સારા મેનુથી સરભર તિથિભોજન કરાવ્યું હતું. કાર્યક્રમમાં ગામ આગેવાનોમાં કાદરભાઈ મેમણ (નેતાજી), ડેપ્યુટી સરપંચ બાબુભાઈ મકવાણા, પૂર્વ સરપંચ ટિકમાભાઈ પરમાર અને માલજીભાઈ તરાળ તેમજ દેમતી સરપંચ લાધુભાઈ પરમાર સહિત ગ્રામપંચાયતના સર્વે સદસ્યો પણ કાર્યક્રમમાં ખાસ આમંત્રિત તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ગામ આગેવાનો, શાળાના ટ્રસ્ટીઓ, શાળા હાજર રહ્યા હતાં.

# પ્રાંતિજ પોલીસ પર પિતા પુત્રએ લાકડી વડે હુમલો કર્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સુખડ ગામે પ્રાંતિજ પોલીસના બે પોલીસ કોન્સ્ટેબલ ફરીયાદો સંબંધે આરોપીઓના ઘરે જતાં પિતા-પુત્ર ઉશ્કેરાઈ જતાં પુત્ર દ્વારા પોલીસ કોન્સ્ટેબલ ઉપર પાછળથી લાકડી વડે જીવલેણ હુમલો કર્યો. પિતાએ બીજા પોલીસ કર્મીને ગડદાપાટુનો માર મારતા પિતા-પુત્ર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ.



પ્રાંતિજ પોલીસના બે પોલીસ કોન્સ્ટેબલ પ્રાંતિજના સુખડ ગામે શુક્રવાર સાંજના સમયે ફરી અરજદારની અરજી ફરીયાદો સંબંધે આરોપીના ઘરે જતા પિતા-પુત્રએ પોલીસ કેમ વારંવાર મારા ઘરે આવે છે એમ એવો શું ગુન્હો કરી નાખ્યો છે કે તેમ અમોને પોલીસ સ્ટેશનને લઈ જાઓ છો, અમે જો નહી આવીએ તો તમો શું કરી લેશો તેમ કહીને જાનથી મારી નાખવાની ઈરાદે પુત્ર સુરેશજી બળદેવજી મકવાણાએ પ્રાંતિજ પોલીસ કોન્સ્ટેબલ માનસિંહ ઝાલાને માથામાં લાકડીથી ઉપરા ઉપરી ત્રણ ફટકા મારી ગંભીર ઈજાઓ કરી દેતા સાથે ગયેલ પોલીસ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ ભવાનસિંહને પણ તેના પિતા બળદેવજી ગોપાલજી મકવાણા દ્વારા ગડદાપાટુનો માર મારી ઈજા કરી હતી. માનસિંહને માથાના ભાગે લાકડી મારતા હાથે તથા માથાના ભાગે ઈજાઓ પહોચાડી માથાના ભાગે છ ટાંકા આવ્યાં હતા. પ્રાંતિજ પોલીસે આરોપી પુત્ર સુરેશજી બળદેવજી મકવાણાની અટકાયત કરી હતી. આરોપી પિતા બળદેવજી ગોપાલજી મકવાણા ભાગી ગયો હતો. પ્રાંતિજ પોલીસ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ ભવાનસિંહની ફરીયાદને લઈને પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ ૩૦૭, ૩૩૨, ૩૩૩, ૩૫૩, ૧૧૪ તથા જી.પી. એકટ ક.૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## અરવલ્લી ગૌ સેવા સમિતિ દ્વારા બેઠકનું આયોજન

મોડાસા, તા. ૨૬

અરવલ્લી ગૌ સેવા સમિતિ ધ્વારા મોડાસા ખાતે શ્રી રાધા ગોવિંદ ધામ આગલોડ ગઢડા વિજાપુર ધ્વારા અરવલ્લી જીલ્લામાં ગૌ શાળાના વિકાસકાર્યો અને ગાય માતાની વધુમા વધુ સેવાના કાર્યો થાય તે માટે મોડાસા ખાતે અરવલ્લી જીલ્લાની આયોજન બેઠકનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

આ પ્રસંગે મુખ્ય મહેમાન મહંત ડૉ.ગૌરાગશરણદેવાચાર્ય મહારાજ, મહંત સુનીલદાસ મહારાજ, સંત મહેશગીરીના સાનિધ્યમા માર્ગદર્શન મંડળનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા રણજીતસિહ રાજપુરોહિત, મહેન્દ્રસિહ રાજપુરોહિત, પ્રૃથ્વીસિહ પુરોહિત, ખુમાનસિહ રાજપુરોહિત, નેનસિહ રાજપુરોહિત, જબ્બરસિહ રાજપુરોહિત વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લી જિલ્લાની રચનાના પાંચ વર્ષ પછી સિવિલ હોસ્પિટલની માંગ સંતોષાતા પ્રજાજનોમાં આનંદ

મોડાસા, તા.૨૬

અરવલ્લી જિલ્લામાં સિવિલ હોસ્પિટલના નિર્માણ માટે જિલ્લા કલેકટર દ્વારા દ્વારા મોડાસાના બાજકોટ ગામની સીમમાં જમીનની ફાળવણી કરવામાં આવી છે. આ હોસ્પિટલ માટે રૂપિયા ૪૫ કરોડની માતબર રકમ ની જોગવાઈ પણ બજેટમાં કરવામાં આવી છે, જેમાં પ્રથમ તબક્કે ૫ કરોડની રકમ ફાળવવામાં આવી છે. ટૂંક સમયમાં જ આ અંગેની નિવિદા બહાર પડાતા સિવિલ હોસ્પિટલમાં નિર્માણનું કામ આરંભવામાં આવશે તેમ જાણવા મળે છે.

જીલ્લા કલેકટર એમ.નાગરાજન દ્વારા બાજકોટની સીમમાં ૧૫૦ એકર જમીન આ હોસ્પિટલ માટે ફાળવવામાં આવી છે, જેમાં હોસ્પિટલનું નિર્માણ થશે. જિલ્લા કલેકટર દ્વારા બાજકોટ ગામની સર્વે નંબર ૬૧, ૬૨ પૈકીની ફાળવેલ આ જમીન જિલ્લા સિવિલ સાબરકાંઠા હસ્તક આ અંગે આગળની કાર્યવાહી અર્થે સુપ્રત કરી દેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લાનું વિભાજન થતા અરવલ્લી જિલ્લો ૨૦૧૩માં અસ્તિત્વમાં આવતા તમામ જિલ્લા કચેરીઓ આવી ગઈ પણ જમીનના મુદ્દે સિવિલ નિર્માણનું વિલંબમાં પડેલું કામ આ જમીન ફાળવાતા જ હવે આગળ વધવાની આશા ઉભી થઈ છે.





**સંતશ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલયમાં વાલી સંમેલન**

ખેડબ્રહ્માની સંતશ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલયમાં ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દી અંગેના શૈક્ષણિક ચિંતન માટે વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં વાલી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સુપરવાઈઝર યોગેન્દ્ર ત્રિવેદીના આવકાર બાદ ગુરૂજીઓ, આચાર્ય સુરેશભાઈ પટેલ, મંત્રી જેઠાભાઈ પટેલે વાલીઓને માર્ગદર્શન આપ્યું હતું. વાલી પ્રતિનિધિ તરીકે કન્યા વિદ્યાલયના આચાર્ય જસ્મિનાબેન તથા અધ્યાપક અશોકભાઈ ડામોર તથા કોર્પોરેટર જીજ્ઞેશભાઈએ પ્રતિભાવો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રફુલ્લભાઈ પટેલે કર્યું હતું.

## કેરળની સાથે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકસભામાં ૨૧ અને રાજ્યસભામાં ૧૪ બિલ પસાર કરવામાં આવ્યા છે. આ સત્રમાં પછાત અને યુવાઓને લાભ પહોંચાડવા માટે અનેક બિલ પસાર કરવામાં આવ્યા છે. દશકોથી ઓબીસી પંચની માંગ થઈ રહી હતી પરંતુ સરકારે આ વખતે પંચ બનાવવાની સાથે સાથે તેને બંધારણીય દરજ્જો પણ આપીદીધો છે. તેમણે ઉમેર્યું હતું કે, ત્રિપલ તલાક બિલ લોકસભામાં પસાર થઈ ગયું છે પરંતુ રાજ્યસભામાં પસાર થઈ શક્યું નથી પરંતુ મહિલાઓની તકલીફને દૂર કરવા માટે તેમની સરકાર કટિબદ્ધ છે. મોદીએ ઉમેર્યું હતું કે, વાજપેયીનું ૧૬મી ઓગસ્ટના દિવસે નિધન થયું હતું જેથી સમગ્ર દેશ આઘાતમાં ગરકાવ થઈ ગયું હતું. વાજપેયી છેલ્લા ૧૦ વર્ષથી સક્રિયરીતે ન હતા. જાહેરમાં પણ દેખાતા ન હતા. છતાં પણ તેમને લઈને જે લોકો પહોંચ્યા અને દેશમાં જે રીતે આઘાતનું મોજુ ફરી વળ્યું તે તેમના વિશાળ વ્યક્તિત્વને રજૂ કરે છે. મોદીએ તેમની સિદ્ધિઓને યાદ કરતા કહ્યું હતું કે, વાજપેયી રાજકીય સંસ્કૃતિમાં ફેરફાર કર્યા હતા. ૯૧માં બંધારણીય બિલ ૨૦૦૩ માટે ભારત હંમેશા તેમને યાદ કરશે. આના કારણે કેટલાક કાયદામાં ફેરફાર કરાયા હતા. રાજ્યોની કેબિનેટમાં એવો નિર્ણય કરવામાં આવ્યો કે, કુલ ધારાસભ્યો પૈકી ૧૫ ટકા સભ્યો જ મંત્રી પરિષદમાં સામેલ થઈ શકે છે. બજેટના સમયને સાંજના બદલે સવારમાં રાખીને મોટો ફેરફાર કર્યો હતો. મોદીએ ઉમેર્યું હતું કે, રક્ષાબંધન ભાઈ અને બહેન વચ્ચે પ્રેમ અને વિશ્વાસના પ્રતિક તરીકે છે. હવે જન્માષ્ટમીની ઉજવણી થશે. શિક્ષક દિવસની પણ મોદીએ યાદ અપાવી હતી અને શિક્ષકોને શુભેચ્છા પાઠવી હતી. મોદીએ ભારત રત્ન વિશ્વેશ્વરિયાના જન્મ દિવસે ૧૫મી સપ્ટેમ્બરના દિવસે એન્જિનિયર ડે મનાવવાને લઈને પણ વાત કરી હતી. કેરળમાં ભીષણ પુરની સ્થિતિનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, કટોકટીના સમયમાં સમગ્ર દેશના લોકો કેરળની સાથે ઉભા છે. તેને તમામ પ્રકારની મદદ કરવા માટે કટિબદ્ધ છે. કેરળ વધુ ઝડપથી ઉભરીને વિકાસના માર્ગ ઉપર આગળ વધે તેવી અમે પ્રાર્થના કરીએ છીએ. કેરળમાં પુર બાદ માનવતા પણ નજરે પડી રહી છે. સેના અને સુરક્ષા જવાનોની કાર્યવાહી અભૂતપૂર્વ રહી છે. મોદીએ એક સાથે લોકસભા અને રાજ્યવિધાનસભાની ચૂંટણીની ચર્ચાનો ઉલ્લખ કરતા કહ્યું હતું કે, આ ચર્ચા છેડાઈ છે જે સારા સંકેત આપે છે. એક નવી ચર્ચા નવી આશા સાથે છેડાઈ છે.

## બહેનો પહોંચી... ● છેલ્લા પાનાનું ચાલુ

રક્ષાબંધનના તહેવારને લઈ એક તબક્કે લાગણીસભર દ્રશ્યો પણ સર્જાયા હતા. હાર્દિકના ઉપવાસ હોઈ તેની બહેન મોનીકાબહેન પટેલ અને અન્ય બહેનો દ્વારા મોં મીઠુ કરાવવાનો પ્રયાસ કર્યો પરંતુ હાર્દિકે ઉપવાસ હોઈ મોં મીઠુ કરવાનું ટાળ્યું હતું. પરંતુ હાર્દિકે તેને રાખડી બાંધવા આવેલી તમામ બહેનોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને પોતાની બહેનોને સુખી કરવા ભગવાનને પ્રાર્થના કરી હતી. હાર્દિકના ઉપવાસના આજના બીજા દિવસે રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિતે સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં પાટીદાર બહેનો રાખડી બાંધવા આવી હતી. ગુજરાતભરમાંથી આવેલી બહેનોએ હાર્દિકને રાખડી બાંધીને રક્ષાબંધનની અનોખી ઉજવણી કરી હતી. હાર્દિકના ઉપવાસના આજના બીજા દિવસે રાજયના ઉપલેટા , ધોરાજી , ધ્રાંગધ્રા , ઊંઝા , ભાણવડ અને ચાણસ્મા સહિતના પંથકોમાંથી પાટીદારો ઉપસ્થિત રહ્યા હતા. જો કે, હાર્દિક પટેલે રાજયના કોઈપણ ક્ષેત્રના પાટીદારોને ઉપવાસ આંદોલનમાં જોડાવા કે હાજર રહેવા ખુલ્લી છૂટ આપી હતી. દરમ્યાન બીજીબાજુ, હાર્દિક પટેલના વિજય સંકલ્પ આમણાંત ઉપવાસને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીનું સમર્થન મળ્યું છે. મમતા બેનર્જીના ડેલિગેશનના રૂપમાં પૂર્વ રેલ મંત્રી દિનેશ ત્રિવેદી સહિત ટીએમસીના ચાર સાંસદો હાજરી આપે તેવી શકયતા છે. હાલમાં સમગ્ર રાજ્યભરમાં સલામતી અને શાંતિ જળવાય રહે તે માટે તમામ જિલ્લાઓમાં પોલીસ એલર્ટ પર રખાઈ છે. આ સાથે અમુક જિલ્લાઓમાં ૧૪૪ લાગુ કરી દેવાઈ છે. અમદાવાદ શહેરના પાટીદાર પ્રભાવિત વિસ્તારોમાં એસઆરપી અને પોલીસ ફોજ પણ ઉતારી દેવામાં આવી છે. જો કે, પોલીસ અને સરકારના તમામ પ્રયાસો વચ્ચે હાર્દિક પટેલ તેના આમરણાંત ઉપવાસ પર મક્કમ છે. આજે બીજા દિવસે સોલા સિવિલના ડોકટરોની ટીમ દ્વારા હાર્દિક પટેલનું મેડિકલ ચેક અપ કરવામાં આવ્યું હતું. જેમાં હાર્દિકના બ્લડ પ્રેશર, પલ્સ અને સુગર નોર્મલ આવ્યા હતા.

## અટવાઈ પડ્યા... ● છેલ્લા પાનાનું ચાલુ

યોજનામાં ૭૬.૮૫ ટકા વહીવટીય મંજૂરી આપવામાં આવી છે. હજુ તકનીકી મંજૂરીમાં ફાઈલો અટવાયેલી છે એટલે જિલ્લા આયોજન મંડળની કામગીરીમાં સુધાર લાવવા તેમજ એ.ટી.વી.ટી. અને ધારાસભ્યોના વિસ્તાર વિકાસની ગ્રાન્ટમાં સુધારા લાવવા કડક તાકીદ કરવામાં આવી છે.

જિલ્લામાં વિકાસના કામો જે રીતે અટવાઈ પડ્યા છે તેની ગંભીર નોંધ રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતાં જિલ્લાતંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

## રોલ મોડેલ... ● છેલ્લા પાનાનું ચાલુ

વિકસીત કરવામાં આવશે. આ માટે જે મહાનુભાવો તે ગામની મુલાકાતે આવે ત્યારે સુવિધાયુક્ત વિઝીટીંગ સેન્ટર હોય તો તેઓ સારી રીતે યોજનાઓને સમજી શકે એટલુ જ નહિ પણ લાભાર્થીઓ સાથે વાતચીત પણ ખુલ્લા મને કરી શકે તે હેતુ છે.

આ વિઝીટીંગ સેન્ટર બનાવવાની કામગીરી પણ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવે તેવી પણ સંબંધિત જિલ્લાઓને સૂચનાઓ આપવામાં આવી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

## કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલું

સામે અન્યાય પણ કરતા જ હોય છે તેમને દબાવવા મારઝુડ કરી હિંસા પણ ફેલાવતા હોય છે. ગુજરાતમાં ઉનાકાંડ આનો પ્રત્યક્ષ સાક્ષી છે પરંતુ પાડાના વાંકે પખાલીને ડામ જેવો અન્યાઈ નિયમને કાયદાનું સમર્થન ના મળવું જોઈએ. આરોપીને સજા થવી જ જોઈએ પરંતુ કાયદાનો એ નિયમ પણ રહેલ છે કે ભલે સો આરોપી છુટી જાય પરંતુ એક નિર્દોષને સજા ના થવી જોઈએ આ કાયદાના સુધાથી એક આરોપીને પકડવા સો નિર્દોષોને દંડવા જેવો ઉલટો ઘાટ ઘડાયો છે. સમાજમાં સ્પષ્ટરીતે વર્ગવિગ્રહ ઉભો થશે. અસમાનતા ઉભી થશે અને દલીતોને જે ખરેખર ન્યાય મળવો જોઈએ તેનાથી વંચિત રહેશે. આઝાદીના ૭૨ વર્ષ પછી પણ સમાજની માનસીકતા દલીતો પ્રત્યે બદલાતી નથી એ ગુલામ માનસનું પ્રતિબીબ છે જેનો ભોગ આમ નાગરિક બનતો જાય છે. દલીતોને ન્યાય આપવો ઉચીત જ છે પરંતુ ખોટી ફરીયાદના કારણે સમાજા અન્ય વર્ગને સહન કરવું ના જોઈએ તેમને પણ ન્યાય મેળવવાનો હક્ક છે જ જેના નિયમોનું કાયદાનું માનવીય મુલ્યોનું રક્ષણ થવું જોઈએ કાયદો કાયદાનં કામ કરશે પરંતુ તેનાથી સમાજમાં સમાનતા લાવવી શકય નથી કાયદો નહિ લોકોના માનસ બદલવાની જરૂર છે ન્યાયતંત્ર ઉપર આમ આદમીનો વિશ્વાસ જ મહત્વનો છે જેમાં ભેદભાવ ના હોવો જોઈએ.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

ટૂંકી દ્રષ્ટિએ કેન્દ્રની એ માટેની દરખાસ્તનો ગુજરાતે વિરોધ ના કર્યો હોત તો અત્યારે બંને બાજુના કાશ્મીર વચ્ચે જે આવન-જાવન ચાલુ છે અને વેપાર ચાલે છે એવા સંબંધો ગુજરાત અને સિંધ વચ્ચે ચાલુ હોત. કેશુભાઈ સરકારમાં હરેન પંડ્યા હસ્તક સીમા સુરક્ષા વિભાગ હતો,એટલે મુખ્યમંત્રીની જાણમાં કે જાણબહાર વાજપેયીની એ દરખાસ્તને કોણે ફગાવી એની ચોખવટ શોધનો વિષય છે.જોધપુરના મહારાજાએ જોધપુર અને કરાંચી વચ્ચેની રેલવે શરૂ કરી હતી.વર્ષ ૧૯૬૫ અને વર્ષ ૧૯૭૧ના યુદ્ધને પગલે વિભાજન પછી પણ ચાલતા રહેલા ઘણા માર્ગો બંધ કરી દેવાયા.વાજપેયી બંને દેશો વચ્ચે સંબંધો સુધારીને બંને દેશો વચ્ચે લોકોની અવર-જવર જ નહીં, આર્થિક સંબંધો પણ પુનઃ સ્થાપિત કરવાના પક્ષધર હતા.ટૂંકી દ્રષ્ટિના લોકોને વાજપેયીની વાત ગળે ના ઉતરે,પણ એ જ તો ફરક છે રાજનેતા અને રાજપુરુષો વચ્ચે.રાજનેતા માત્ર આવતી ચૂંટણી જીતવા કામે વળતો હોય છે,રાજપુરુષ આવતી પેઢીઓની સુખાકારી ઝંખતો હોય છે.

-haridesai@gmail.com